# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,

# ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (ગુ. રા.)

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૦૯.૨૦૧૧ અનુસાર

## બિનસરકારી અનુદાનિત કોલેજો (શિક્ષણ અને કાયદા વિદ્યાશાખા) માં અધ્યાપક સહાયકોની નિમણૂક માટે કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર (ગુ.રા.), ગાંધીનગરની કચેરી દ્વારા રાજ્યની બિનસરકારી અનુદાનીત શિક્ષણ (બી.એડ.) અને કાયદા (લો) ની કોલેજોમાં "અધ્યાપક સહાયક" ના નામાભિધાનથી શિક્ષણની કુલ-૭૭ અને કાયદાની કુલ-૪૬ જગ્યા પર નિમણૂક આપવાના હેતુથી કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા માટે સંસ્થાઓને એન.ઓ.સી. આપવામાં આવેલ છે. આ ભરતી પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે કરવા માટે સબંધિત સંસ્થાના કોલેજ સંચાલક મંડળ દ્વારા સંમતી આપવામાં આવેલ છે. જે સંદર્ભે "અધ્યાપક સહાયક'' તરીકે નિમણૂક આપવા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો આમંત્રિત કરવામાં આવે છે.

- આ જગ્યાઓ માટે સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શી રીતે, ગુણવત્તાનુસાર, ઝડપભેર અને રોસ્ટર મુજબ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા કેન્દ્રિય ભરતીનું આયોજન કરેલ છે.
- સમગ્ર કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા સરકારશ્રીની વખતો-વખતની નીતિ અને સૂચનાઓને આધીન છે, તથા સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે તો રદ અથવા ફેરફારને પાત્ર છે. અને તે ઉમેદવાર માટે બંધનકર્તા રહેશે.
- ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ અને ૨ માં કોલેજો દીઠ વિષય અને કેટેગરીવાઈઝ ખાલી જગ્યાની વિગતો જાણકારી હેતુસર દર્શાવેલ છે.
- પસંદગી યાદી બન્યા બાદ પણ કાર્યભાર કે વહીવટી કારણો સબબ ઉકત કોઇપણ જગ્યાઓ રાજય સરકાર દ્વારા ભરવા બાબતે અન્ય નીતિ નિર્ધારિત થાય તેવા સંજોગોમાં પરિશિષ્ટમાંની જગ્યા કે તમામ જગ્યાઓ સરકારશ્રીના કે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના નિર્ણયને આધીન આપોઆપ રદ થયેલ ગણાશે અથવા નવી નીતિ અનુસાર અલગથી ભરાશે અથવા ફેરફાર કરી શકાશે.
- ભરતી પ્રક્રિયા દરમ્યાન કે નિમણુક પહેલા, હાલમાં બિન સરકારી અનુદાનિત કોલેજમાં કાર્યરત અધ્યાપક જો ફાજલ થતા હશે તો, તે જગ્યા પર પ્રથમ આ ફાજલ અધ્યાપકને સમાવવાનાં થશે અને તે જગ્યા આ ભરતી પ્રક્રિયામાંથી રદ્દ કરવામાં આવશે તે માટે ઉમેદવાર નિમણૂક માટે કોઈ હક્ક દાવો કરી શકશે નહિ.

લાયકાત :

1) ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઇશે.

2) ઉમેદવારની શૈક્ષણિક લાયકાત યુજીસી રેગ્યુલેશન ૨૦૧૦ તથા તેમાં થયેલ વખતોવખત સુધારાઓ અને સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અનુસાર રહેશે.

3) શૈક્ષણિક લાયકાત માટે ભારતમાં કેન્દ્ર કે રાજય સરકાર દ્વારા વૈધાનિક કાયદા વડે તથા યુ.જી.સી. દ્વારા આપેલ માન્યતા સંદર્ભે સ્થાપિત કે માન્ય કોઇપણ યુનિવર્સિટી તરફથી એનાયત થયેલ ડીગ્રી જ ધ્યાને લેવાશે.

4) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) રેગ્યુલેશન-૨૦૧૦ અને તેમાં વખતોવખતના સુધારાઓ પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ લઘુતમ ૫૫ ટકા ગુણ સાથે સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં હોવા જોઇએ.

5) ઉમેદવાર યુજીસી-સીએસઆઇઆર અથવા સમાન પ્રકારની સંસ્થા દ્વારા યોજીત નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર) અથવા જી-સેટ (પ્રમાણપત્ર) ઉતિર્ણ હોવા જોઇએ.

ઉમેદવાર કે જેઓ ૧૧ જુલાઈ, ૨૦૦૯ પહેલા પીએચ.ડી. માટે રજીસ્ટર થયા હોય અને પીએચ.ડી. પૂર્ણ થયું હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Qualifications for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) (4th Amendment), Regulations, 2016 નાં **મુદ્દા નં.-3** માં જણાવ્યા અનુસારનું Vice-Chancellor / Pro-Vice-Chancellor / Dean (Academic Affairs) / Dean (University instructions)નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

જે ઉમેદવારે યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ પ્રમાણે પીએચ.ડીમાં પ્રવેશ મેળવેલ હોય અને પી.એચ.ડી.પૂર્ણ થયું હોય તેમને University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પીએચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

6) યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓનાં લઘુતમ લાયકાત ધોરણો તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલા ધોરણો જાળવ્યા બાદ શિક્ષણ અને કાયદા વિધાશાખાની જરૂરીયાત પ્રમાણે વિધાશાખા મુજબ ‘અધ્યાપક સહાયક’ની લાયકાતનાં ધોરણો રહેશે.

7) <u>શિક્ષણ (બી.એડ.)ની કોલેજો માટે અધ્યાપક સહાયકની લાયકાત નીચે મુજબની રહેશે.</u>

1. A Master's Degree in subject with 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed);
2. M. Ed. Degree with at least 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed); and
3. Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) in Education conducted by the UGC, CSIR or similar test accredited by the UGC like SLET/SET.
4. લાયકાતની શરતનાં મુદ્દા નં-૫ મુજબ શિક્ષણ વિદ્યાશાખામાં પીએચ.ડી. કરેલ હશે તે ઉમેદવારોને જ નેટ/સ્લેટ/જી-સેટ માંથી મુક્તિ મળવાપાત્ર થાય છે.

8) <u>લો (કાયદા)ની કોલેજો માટે અધ્યાપક સહાયકની લાયકાત નીચે મુજબની રહેશે.</u>

1. Good academic record as defined by the concerned university with at least 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed) at the Master's Degree level in the L.L.M. degree from an Indian University, or an equivalent degree from an accredited foreign university.
2. Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) in Law conducted by the UGC, CSIR or similar test accredited by the UGC like SLET/G-SET.
3. લાયકાતની શરતનાં મુદ્દા નં-૫ મુજબ કાયદા વિદ્યાશાખામાં પી.એચ.ડી. કરેલ હશે તે ઉમેદવારોને જ નેટ/સ્લેટ/જી-સેટ માંથી મુક્તિ મળવાપાત્ર થાય છે.

9) <u>અનામત વર્ગના ઉમેદવારો માટે</u>

1. મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારને જ અનામતનો લાભ મળવાપાત્ર છે.
2. યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦નાં 4th Amendment અનુસાર "A relaxation of 5% may be provided at the graduate and Masters level for the Scheduled Castes/Scheduled Tribes/Differently-abled (physically and visually differently-abled) /Other Backward Classes (OBC) (Non-creamy layer) categories for the purpose of eligibility and for assessing good academic records during direct recruitment to

teaching positions. The eligibility marks of 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed) and the relaxation of 5% to the categories mentioned above are permissible, based on only the qualifying marks without including any grace mark procedures."

3. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.
4. ઉમેદવારે અરજીપત્રકમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.
5. અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.
7. (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમુનાનું 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમુના પરિશિષ્ટ -૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

   (બ) તારીખ: ૦૧/૦૪/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ ઈસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્રની મહત્તમ અવધિ ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ.

   **નોંધ**: ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.

   (ક) પરણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હોય તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

   (ડ) અરજી સાથે ગુજરાતી નમુના 'પરિશિષ્ટ-ક' અથવા 'પરિશિષ્ટ-૪' ને બદલે અંગ્રેજી નમુના 'Annexure-A' માં પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો પણ અરજી રદ્દ કરવામાં આવશે કેમકે

'Annexure-A' ભારત સરકાર હેઠળ રોજગારી માટે આપવામાં આવે છે, નહિ કે ગુજરાત સરકાર હેઠળ.

(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ (છ) માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈ પણ માપદંડ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાઅધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવેતો ઉચ્ચશિક્ષણ કમિશ્નર કચેરીને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિ કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડોમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

8. સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનભુવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

10) ઉમેદવારની તમામ લાયકાત જાહેરાતની તારીખ મુજબ ધ્યાને લેવાશે.

<u>પગાર ધોરણ</u> :

આ જગ્યાઓનું પગાર-ધોરણ અને નિમણૂકની શરતો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ તા.૨૫-૦૮-૨૦૦૫, તા.૨૮-03-૨૦૦૬, તા.૧૬-૦૬-૨૦૦૮, તા.૧૫-૦૬-૨૦૧૦, 3-૧૦-૨૦૧૨, ૦૪/૦૪/૨૦૧૭ અને ૨૭/૦૭/૨૦૧૭ ની જોગવાઇ અનુસાર રહેશે. તે મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૪૦,૧૭૬/- અંકે રૂ. ચાલીસ હજાર એકસો છોત્તેર પુરાના ફિકસ પગારથી અજમાયશી ધોરણે નિમણૂક અપાશે. પાંચ વર્ષ બાદ ઉમેદવારની સેવા સંતોષકારક જણાય તો કાર્યભાર અને સંબંધિત કોલેજની દરખાસ્તની ચકાસણી બાદ નિયમોનુસાર તેમને રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ જે-તે સમય પ્રવર્તમાન નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરવામાં આવશે.

## <u>પસંદગી ગુણાંકન</u> :

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૨૦૧૦-૩૨૬૯-ખ તા. ૧૪-૦૯-૨૦૧૧ અનુસાર પસંદગી નિમ્ન-લિખિત ગુણાંકન આધારે કરાશે.

| ક્રમ | ગુણાંકનની વિગત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સ્નાતક કક્ષા ::<br>૫૫-૭૦ ટકા સુધી (૫૫ થી વધુ દરેક ટકા દીઠ ૦.૫ ગુણ)<br>૭૧ કે તેથી વધુ ટકા માટે (મહત્તમ ૧.૦ ગુણ) | <br>૦૮.૦૦<br>૦૧.૦૦ |
| ૨ | સ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન | ૧૦.૦૦ |
| ૩ | અનુસ્નાતક કક્ષા ::<br>૫૫-૭૦ ટકા સુધી (૫૫ થી વધુ દરેક ટકા દીઠ ૧..૦ ગુણ)<br>૭૧ કે તેથી વધુ ટકા માટે (મહત્તમ ૧.૦ ગુણ) | <br>૧૫.૦૦<br>૦૧.૦૦ |
| ૪ | અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન | ૧૦.૦૦ |
| ૫ | એમ.ફીલ. ની ડિગ્રી | ૦૫.૦૦ |
| ૬ | પી.એચ.ડી. ની ડિગ્રી | ૧૦.૦૦ |
| ૭ | યુજીસી નિર્દિષ્ટ લાયકાત પરીક્ષા પસાર NET/GSET/UGC-CSIR/CA | ૧૦.૦૦ |
| ૮ | પુસ્તક પ્રકાશન ISBN ક્રમ સાથે | ૦૫.૦૦ |
| ૯ | રિફર્ડ જર્નલમાં પ્રકાશિત સંશોધન લેખ (યુ.જી.સી. માન્ય ) | ૦૫.૦૦ |
| ૧૦ | SCOPE પરીક્ષા "B1" લેવલ, CCC પરીક્ષા કે કોમ્પ્યુટર સાક્ષરતા સ્વિકૃત ડિગ્રી/ડિપ્લોમાં | ૦૫.૦૦ |
| ૧૧ | યુનિવર્સિટી માન્ય કોલેજોમાં પુર્વ સ્નાતક કક્ષા કે સરકારી કોલેજોમાં કરાર આધારિત અધ્યાપક તરીકે પૂર્ણકાલિન અનુભવ માટે દર ૨ વર્ષ માટે ૧ ગુણ ખંડ સમયના અધ્યાપકો માટે શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર | ૧૦.૦૦ |
| ૧૨ | સમિતિ દ્વારા સરેરાશ વ્યક્તિત્વ મૂલ્યાંકન | ૦૫.૦૦ |
| | કુલ ગુણ | ૧૦૦.૦૦ |

શિક્ષણ વિભાગના સમાનાંકી ઠરાવ તા.૧૪-૧૧-૨૦૧૧ અનુસાર આ જાહેરાત મુજબની લાયકાત ધરાવતા ખંડ સમયના વ્યાખ્યાતાઓએ ઓછામાં ઓછા ૨ વર્ષ સેવા બજાવેલ હોય તો તેમને નીચે પ્રમાણે અનુભવના વધુમાં વધુ ૧૫ ગુણ પ્રાપ્ત થશે.

(૧) ૬ કરતા ઓછાં વ્યાખ્યાન સામે પ્રતિવર્ષ ૦.૫ ગુણ

(૨) ૬ કરતા વધુ વ્યાખ્યાન સામે પ્રતિવર્ષ ૧.૦ ગુણ

ઉમેદવારના અનુભવનાં વર્ષોની ગણતરી યુનિવર્સિટીની અધ્યાપક તરીકેની માન્યતા મુજબ રહેશે.

<u>સમાલાપ કાર્યવાહી</u>:

1. તમામ ઉમેદવારોએ નિયત સમયે અરજી ચકાસણી અને સમાલાપ કાર્યવાહી માટે નિશ્ચિત સમયે સ્વખર્ચે અચૂક ઉપસ્થિત રહેવું જરૂરી છે.
2. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે ભરેલ વિગતો આખરી ગણાશે તેની ચકાસણી દરમ્યાન ખોટી વિગતો જણાતા કે ઉમેદવાર પોતે નોંધેલ વિગતો આધારોથી પ્રતિપાદિત કરવામાં નિષ્ફળ રહેતા તેની અરજી રદ્દ ગણાશે.
3. ઉમેદવારે સમાલાપ પૂર્વે ચકાસણી વેળા અરજીમાં જણાવ્યા મુજબ ફી જમા કરાવ્યાના ચલણ રજૂ કરવાનું રહેશે.
4. ઉમેદવારે લાયકાત સંબંધે શૈક્ષણિક, જાતિ, અનુભવ, ગુણાંકન અને અન્ય મુદ્દે જરૂરી અસલ પ્રમાણપત્રો અને આનુષંગિક આધારો તમામ દસ્તાવેજોનો ૦૧ (એક) સેટ ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે અને અન્ય એક સેટ સમાલાપ વેળાએ રજૂ કરવાનો રહેશે.
5. ઉમેદવારે જે વિષય માટે અરજી કરેલ હોય તે વિષયની પસંદ કરેલ તમામ જગ્યાઓ માટે નિયત સમાલાપ સમિતિઓ સમક્ષ ઉપસ્થિત થવું જરૂરી રહેશે, અન્યથા આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહિ.
6. કાર્યવાહી દરમ્યાન ઉમેદવારે સામાન્ય શિસ્ત અને પ્રાસંગોચિત આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે, સમિતિ આવા શિસ્તભંગના કિસ્સામાં ઉમેદવારની પસંદગી કે નિમણૂક રદ્દ કરવા અધિકૃત રહેશે.
7. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત સંબંધી અસલ પ્રમાણપત્રો અથવા આધારો પ્રમાણપત્ર ચકાસણી સમયે રજૂ કરવાના રહેશે.
8. કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.
9. ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રૂફ સાથે રાખવાનું રહેશે તેમજ માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે
10. સમાલાપ અંગેની વ્યવસ્થા જે તે સમયે વિષય, કોલેજ, જગ્યાઓની સંખ્યાને આધીન હોય છે પરિણામે તેને અનુરૂપ વ્યવસ્થાને અનુસરવાનું રહેશે.
11. ગુજરાત જાહેર આયોગ સેવા કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત પ્રમાણપત્રોની ચકાસણી વખતે રજુ કરવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયક સમયગાળો

ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર ઠરશે. અગાઉ ઉમેદવારને સરકારી સેવા હસ્તકની કંપની કે બોર્ડ/કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસત કે બરતરફ કરવામાં આવેલ હોય તો તે વિગત પ્રમાણપત્રોની ચકાસણી વખતે રજુ કરવાની રહેશે.

**Recruitment B.ED. 2018 Category and subject wise vacancy (Education Colleges)**

| SR | METHOD | SC | | ST | | OBC | | PH | | OPEN | | TOTAL | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | G | F | G | F | G | F | G | F | G | F | G | F | TOTAL |
| 1 | ACCOUNT/COMMERCE | 0 | 0 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 2 | 4 | 5 | 4 | 9 |
| 2 | ECONOMICS | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 2 | 1 | 2 | 3 |
| 3 | ENGLISH | 1 | 0 | 0 | 2 | 2 | 2 | 0 | 0 | 10 | 1 | 13 | 5 | 18 |
| 4 | GUJARATI | 0 | 0 | 0 | 2 | 1 | 0 | 0 | 0 | 4 | 0 | 5 | 2 | 7 |
| 5 | HINDI | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 2 | 2 | 2 | 4 |
| 6 | MATHS/SCIENCE | 0 | 0 | 0 | 0 | 8 | 0 | 0 | 0 | 7 | 4 | 15 | 4 | 19 |
| 7 | SANSKRIT | 0 | 0 | 0 | 0 | 3 | 0 | 0 | 0 | 2 | 2 | 5 | 2 | 7 |
| 8 | SOCIAL SCIENCE | 0 | 0 | 1 | 2 | 3 | 0 | 0 | 0 | 4 | 0 | 8 | 2 | 10 |
| | TOTAL | 1 | 0 | 2 | 6 | 22 | 2 | 0 | 0 | 29 | 15 | 54 | 23 | 77 |

**College wise-Category wise NOC (Law colleges)**

| Category | | SC | | ST | | SEBC | | OPEN | | PH | | TOTAL | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SR | Subject | G | F | G | F | G | F | G | F | G | F | G | F | Total |
| 1 | Law | 0 | 0 | 3 | 1 | 13 | 1 | 23 | 5 | 0 | 0 | 39 | 7 | 46 |

## ઓનલાઇન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

1) લાયકાત ધરાવતા ઉમેદવારોએ કચેરીની વેબસાઇટ www.cheguj.com પર અખબારી જાહેરાતમાં નિર્દિષ્ટ તારીખો દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

2) અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

3) ઓનલાઇન સિવાય અન્ય કોઇપણ રીતે એટલે કે ટપાલ કે કુરીયર મારફત વગેરે રીતે અરજી ફોર્મ આ કચેરીને મોકલવા નહીં.

4) ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ www.cheguj.com પર રજિસ્ટર થવાનું રહેશે.

5) રજિસ્ટર થયા બાદ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૦૧/૦૬/૨૦૧૮ ના ૧૭:૫૯ કલાક રહેશે. અંતિમ દિવસ સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી / અપડેટ કરી શકશે નહીં. બેંક દ્વારા ફી ની ચૂકવણી સંબંધે ઉમેદવારોને બેન્કીંગ સમય ધ્યાનમાં રાખવા સલાહ છે. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

6) બિનઅનામત તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર માટે અરજી ફી રૂ. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા) અને વિકલાંગ, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૨૫૦ (અંકે રૂપિયા બસો પચાસ પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં.

7) **ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવાર પોતાના વિષયની ઉપલબ્ધ તમામ ખાલી જગ્યાઓ સામે પોતાનો પસંદગી ક્રમ આપવાનો રહેશે. વધુમાં, અરજીપત્રકમાં દર્શાવેલ પસંદગી ક્રમ નિયુક્તિ સુધીની પ્રક્રિયામાં અંતિમ ગણાશે.**

8) પસંદગી ક્રમ આપ્યા બાદ એ પેજ ને સેવ કરી ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે ત્રીજા પેજ પર થી ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે. બેંકમાં ફી ભરવાથી ઉમેદવારને ચલણની એક કોપી પરત કરવામાં આવશે જેમાં બેંક દ્વારા ટ્રાન્ઝેક્શન આઇ.ડી દર્શાવવામાં આવેલ હશે.

9) ઉમેદવાર NEFT મારફત ઓનલાઇન નીચેની વિગતના ખાતામાં અરજી ફી જમા કરાવી શકશે. આવા ઉમેદવારોએ ફી ભર્યાના ૨૫ કલાક બાદ રેફરન્સ આઇ.ડી વડે અરજી કન્ફર્મ કરવાની રહેશે.

- **બેંકનું નામ: દેના બેંક**
- **ખાતા નં :૦૩૦૮૧૦૦૨૭૯૦૦**
- **ખાતેદાર નું નામ : નોલેજ કોન્સોર્સિયમ ઓફ ગુજરાત**
- **IFSC Code : BKDN0130308**
- **MICR Code: 380018053**

10) ઉમેદવારે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (100KB થી ઓછી સાઈઝ), સહી (100KB થી ઓછી સાઈઝ) અને અરજીપત્રકમાં દર્શાવેલ ડોક્યુમેન્ટ (દરેક ની સાઈઝ 500KB થી ઓછી) ઓનલાઈન અરજીપત્રકમાં અપલોડ કરવાના રહેશે. ફોટો અને સહી JPG, JPEG કે PNG ફોર્મેટ માં તેમજ ડોક્યુમેન્ટ્સ PDF ફોર્મેટ માં જ અપલોડ થશે. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોનાં તમામ આધારો અસલમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સમાલાપ કાર્યવાહી વખતે ઉમેદવારે સાથે લાવવાના રહેશે.

ઉપરોક્ત વિગતો અપલોડ કર્યા સિવાય અરજી કન્ફર્મ થઇ શકશે નહિ અને આવી અરજી રદ થવાને પાત્ર ઠરશે.

11) બેંકમાં ફી જમા કરાવ્યા બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર પોતાના યુઝર આઇ.ડી - પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહીં તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહીં. કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે.

12) ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

13) જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.

14) ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

15) અરજી ફી ચુકવણીની વિગતો વિનાની ઓન-લાઇન અરજી આપોઆપ રદબાતલ ગણાશે, જે ઉપર કોઇ વિચાર કરાશે નહિ.

16) ભરતી સંબંધી સૂચનાઓ વખતોવખત વેબસાઇટ પર પ્રદર્શિત કરવામાં આવશે. આથી, તે અંગેની સૂચનાઓ વેબ સાઇટ www.cheguj.com પર ચકાસવા ઉમેદવારોને સલાહ છે.

**<u>સમાલાપ (Interview) અને નિમણૂંક :</u>**

1) ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સમાલાપ પ્રક્રિયા માટે ક્રમાનુસાર ઓન-લાઇન કોલ લેટર વડે બોલાવાશે. આ માટે પ્રથમ તબકકે માત્ર નિશ્ચિત ગુણથી વધારે ગુણ ધરાવતા ઉમેદવારોને બોલાવાશે જયારે અન્ય ઉમેદવારો માટે ઉપલબ્ધ જગ્યાના આધારે યોગ્ય નિર્ણય લેવાશે.

2) સમાલાપની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોલેજવાર, વિષયવાર, કેટેગરીવાર મેરીટયાદી મુજબ ઉમેદવારને તેમના મેરીટ મુજબ તેમણે અરજીપત્રકમાં આપેલ કોલેજના પસંદગી ક્રમ પ્રમાણે મળવાપાત્ર કોલેજની ફાળવણી કરવામાં આવેશે.

3) આ ભરતી પ્રક્રિયા દ્વારા આખરી પસંદગી પામેલ ઉમેદવારો કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) દ્વારા મંજુરી મળ્યા બાદ નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન સંબંધિત સંસ્થા દ્વારા નિમણૂંક મેળવવા પાત્ર ઠરશે.

**<u>સામાન્ય સુચના :</u>**

કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) ને કોઇપણ ઉમેદવાર તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ યોગ્ય નહિ હોવાનુ જણાશે, તો કોઇપણ તબક્કે તેની નિમણૂક રદ્દબાતલ કે સ્થગિત કરી શકશે.

1) આ ભરતી પ્રક્રિયા પૂર્ણતયા તે સંવર્ગ માટે લાગુ પ્રવર્તમાન નિયમો, જોગવાઇઓ અને સરકારશ્રીના સામાન્ય નિયમોને આધીન રહેશે

2) આ જાહેરાત અનુસાર ભરતી કાર્યક્રમ કે શરતોમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો તથા રદ્દ કરવાનો ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, ગાંધીનગરને સંપૂર્ણ અધિકાર રહેશે.

તમામ ઉમેદવારો અને સંસ્થા વચ્ચેના વિવાદો સમેત કોઇપણ વિવાદ વેળા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર નો નિર્ણય આખરી રહેશે અને જે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.
અધ્યાપક સહાયક ભરતી એન.ઓ.સી. (ભરવાપાત્ર જગ્યાઓ)ની યાદી આ સાથેના પત્રકમાં સામેલ છે. તથા જગ્યાઓની વિસ્તૃત યાદીમાં જણાવેલ કોલેજોની જગ્યાઓ સંસ્થાના રોસ્ટર પર આધારિત રહેશે. કોલેજવાઇઝ અને કેટેગરીવાઈઝ ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઇટ http://www.cheguj.com પર પરિશિષ્ટ-૧ અને ૨ માં વિદ્યાશાખા પ્રમાણે વિગતવાર દર્શાવેલ છે.

નિયામકશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
૧૨/૨, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર